# 'ગ્રામ ચિકિત્સાલય' ને 'પંચાયત'ની નકલ બનાવી દીધી છે?

ફિ જેમણે પણ 'પંચાયત' વેબસીરિઝ જોઈ છે એમને 'ગ્રામ ચિકિત્સાલય' માં કશું નવું લાગશે નહીં. બંનેમાં ગામમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીના જીવનની જ વાર્તા છે. 'પંચાયત' માં સચિવ હતા જે શહેરથી ગામમાં આવ્યા હતા. અહીં મેડિકલ ઓફિસર છે. એમને પણ ગામમાં સમસ્યાઓનો સામનાઓ કરવો પડે છે. જેવી ઘણી સમાનતા જોવા મળશે. આજકાલની પરિવાર સાથે જોઈ ના શકાય એવી ગાળો અને હિંસાવાળી વેબસીરિઝોને એ પડકાર આપી રહી છે. તેથી આવી વેબસીરિઝ બનતી રહેવી જોઈએ એમ થશે. 'ગ્રામ ચિકિત્સાલય' સમગ્ર પરિવાર સાથે હસતાં હસતાં જોઈ શકાય એવી છે. આ માહોલ બનાવવામાં 'દુપહિયા' પણ ફાળો આપી ગઈ હતી. OTT પ્લેટફોર્મ એક પછી એક ગામ તરફ જઈ રહ્યા છે. 'ગુલ્લક' અને 'પંચાયત' જેવી કન્ટેન્ટ આધારિત સીરિઝ આપનાર TVF ની ગ્રામ્ય વિસ્તારની પૃષ્ઠભૂમિ સાથેની 'ગ્રામ ચિકિત્સાલય' ને એટલે જ વધુ આવકાર મળ્યો છે. ગામમાં રહેવા માટેના કેટલાક વિચાર સારા છે. ડોક્ટર માટે માત્ર ઈલાજ કરવાનું કામ નહીં સેવાનું કામ છે. હવે બીજો ભાગ બને તો એમાં સંવાદ, પાત્રો અને વાર્તામાંથી કશું યાદગાર બને એનું ધ્યાન રાખવું પડશે.




ફિલ્મ ટી.વી
રાકેશ ઠક્કર

બાકી અભિનયમાં દરેક કલાકાર કમાલ કરે છે અને પોતાના પાત્રને ન્યાય આપે છે. એ કોઈ કલાકાર છે કે ખરેખર ગામનો રહેવાસી છે એનો ભેદ જાણવાનું મુશ્કેલ બને છે. ડોક્ટર પ્રભાત સિંહા તરીકે અમોલ પારાશર પ્રભાવિત કરી જાય છે. વિનય પાઠક નકલી ડોક્ટરના રૂપમાં હસાવી જાય છે. વેબસીરિઝ હસાવવા સાથે ભાવુક કરે છે. એમાં અર્થપૂર્ણ ગીતો છે. ઘણી વિશેષતાઓ સાથે 'પંચાયત' જેવી અપેક્ષા રહેવાની. ત્યારે એમ થશે કે ઝોલાછાપ ડોક્ટર અને મેડિકલ ઓફિસર વચ્ચે ઘણા પ્રસંગો બતાવી શકાય એમ હતા પણ કશું બતાવ્યું નથી. એમની સાથે જ વાર્તા ચલાવી હોત તો વધુ રસપ્રદ બની શકી હોત. એમાં હોસ્પિટલ અસલી જેવી લાગી જ નહીં. આ કોઈ મહાન વેબસીરિઝ નથી છતાં માત્ર પાંચ એપિસોડ છે અને આખી સીરિઝ માટે ફિલ્મની જેમ અઢી-ત્રણ કલાક આપવાના થતાં હોવાથી એક વખત જોવા જેવી જરૂર છે.

# આસમાનમાં ઊડતી ભૂમિ જમીન પર આવી ગઇ છે?

એક સમય પર સફળતાના આસમાનમાં ઊડનારી ભૂમિ પેડનેકરનો ગ્રાફ સતત નીચે આવી રહ્યો છે એની વધુ એક સાબિતી 'ધ રોયલ્સ' વેબસીરિઝ છે. એક દાયકાની ભૂમિની કારકિર્દી માત્ર એક વર્ષમાં ખતમ થઈ રહી હોય એમ લાગી રહ્યું છે. છેલ્લી કેટલીક ફિલ્મો 'અફવા', 'ભેડ', 'થેન્ક યુ ફોર કમિંગ', 'ભક્ષક' વગેરે એના વિષય કે અન્ય કોઈ કારણસર તો ઠીક ભૂમિના અભિનયને કારણે પણ યાદ કરવા જેવી રહી ન હતી. 'ધ રોયલ્સ' જોઈને સમીક્ષકો પૂછી રહ્યા છે કે આ એ જ ભૂમિ છે જેણે 'દમ લગા કે હઈશા' જેવી દમદાર ફિલ્મથી શરૂઆત કરી હતી અને 'સાંડ કી આંખ', 'બધાઈ હો બધાઈ' કે 'શુભ મંગલ સાવધાન' થી વધુ પ્રભાવિત કર્યા હતા. ભૂમિએ સામાજિક કે રોમેન્ટિક કોમેડી જ નહીં થ્રીલર પણ કરી છે. 'ધ રોયલ્સ' માટે ભૂમિએ એમ કહ્યું હતું કે આ મારી મહત્ત્વાકાંક્ષી વેબસીરિઝ છે પરંતુ એમાં અભિનય માટે કોઈ તક હતી જ નહીં. ભૂમિના અભિનયની વાત કરવા જેવી જ નથી. ભૂમિની પ્રોજેક્ટ પસંદ કરવાની ક્ષમતા પર સવાલ થઈ રહ્યા છે. આ વેબસીરિઝ એણે કેમ પસંદ કરી એનો જવાબ એ આપી શકે એમ નથી. પહેલી વાત એ છે કે આવી વેબસીરિઝ શા માટે બનાવવામાં આવે છે? એમ લાગે છે કે જે કલાકારોને બોલિવૂડે નકારી કાઢ્યા છે કે હવે કામ અપાતું નથી એમના માટે જ બનાવી છે. કેટલીક સેલિબ્રીટી એમાં મહેમાન છે છતાં મહત્ત્વની ગણાઈ નથી. તેઓ વેબસીરિઝને બચાવી શક્યા નથી. ઝીનત અમાન, ચંકી પાંડે, સાક્ષી વગેરે ઘણા સારા કલાકારો છે જેમને ખરાબ રીતે રજૂ કરવામાં આવ્યા છે. એમાં ભૂમિનો સમાવેશ થાય છે. સામાજિક ફિલ્મોમાં કામ કરતી ભૂમિએ પોતાની ઇમેજને 'ધ રોયલ્સ' થી નુકસાન પહોંચાડ્યું છે. એમાં મહિલાપાત્રો સંવાદ ઓછા બોલ્યાં છે અને કપડાં વધુ ઉતાર્યાં છે. એકતા કપૂરની 'ગંદી બાત' મોંઘા બજેટમાં બનાવી છે. રોમાન્સ, ગંદી વાતો, સમલિંગી પ્રેમ, ફેશન શો જેવી બાબતો ભરીને નિર્દેશક શું બતાવવા માંગે છે એ સમજાતું નથી. ભૂમિની જેમ જ ઇશાન ખટ્ટર વેડફાયો છે. ઇશાને અસંખ્ય વખત શર્ટ ઉતાર્યું છે. સામાન્ય રીતે હીરોઈનને શો પીસ બનાવવામાં આવે છે. આમાં હીરોને બનાવ્યો છે. હીરો- હીરોઈન હજુ મળ્યા છે અને તરત જ બેડરૂમમાં દેખાય છે. એ પછી બંને એકબીજાને જાણતા હોતાં નથી. થોડી જ વારમાં અલગ પણ થઈ જાય છે. વળી કમાલ એવો થાય છે કે એ ફરી મળે છે. વાર્તામાં લોજિક દેખાતું નથી. કહેવા માટે રોમેન્ટિક કોમેડી છે. કોમેડીનું એક દ્રશ્ય નથી અને રોમાન્સના નામ પર ચુંબન દ્રશ્યો છે. આ સીરિઝ ત્રણ એપિસોડ સુધી જોઈ શકે એને ઈનામ આપવું જોઈએ કેમ કે જેણે આખી વેબસીરિઝ જોઈ છે એ પસ્તાયા છે



## જાપાન - ૭

# ફ્યુજીસાન!

વિસ્મયની સફરે
★ મુકુર પેટ્રોલવાળા

પ્રાકૃતિક સૌંદર્ય, ઐતિહાસિક પરંપરા ભરેલાં ધર્મસ્થાન, ટેકનોલોજીના ભરપૂર ઉપયોગ અને શિસ્તબદ્ધ રાષ્ટ્રભક્ત લોકોની મહેનતથી હરણફાળ ભરતા જાપાનમાં અમને બહુ મજા આવી. વિદાયનો સમય નજીક આવી ગયો હતો - જોવાલાયક મુખ્ય સ્થળમાં માઉન્ટ ફ્યુજી ટ્રેન અને કારમાંથી દૂરથી જ જોયું હતું એટલે ત્યાં જવાનો કાર્યક્રમ બનાવ્યો. ફ્યુજી જાપાનનું રાષ્ટ્રચિહ્ન છે અને મુખ્ય લેન્ડમાર્ક કહી શકાય. શંકુ આકારનો આ આકર્ષક જ્વાળામુખી પર્વત જાપાનમાં સૌથી ઊંચો અને ત્રણ પવિત્ર ગણાતા પર્વતોમાં એક છે. જાપાની લોકો નામની પાછળ માનવાચક -સાન લગાવે છે. ફ્યુજીને પણ ત્યાં લોકો ફ્યુજીસાન કહે છે - કદાચ એક્ટિવ વોલ્કેનોને (છેલ્લો લગભગ 300 વર્ષ પહેલાં ફાટેલો!) માન આપી શાંત રાખવા માટે કે પછી સાનનો એક અર્થ પર્વત પણ થાય છે એટલા માટે! સવારે ઊઠ્યા ત્યારે વેધર ફોરકાસ્ટ ત્યાં વરસાદ બતાવતું હતું એટલે થોડી અસમંજસ પછી જવાનું નક્કી કર્યું. 12000 ફૂટની ઊંચાઈ પર આવેલ ફ્યુજીસાન ચાર રૂટ પરથી ચઢી શકાય છે અને તે માટે 10 સ્ટેશન છે. એમાં એક રૂટ પર પાંચમા સ્ટેશન સુધી ગાડી જઈ શકે છે એટલે અમે બધાં ત્યાં સુધી પહોંચ્યાં. આછો ઝરમર વરસાદ ચાલુ હતો એટલે તે વખતે પર્વતની ટોચના દર્શન થયા નહીં. આ લેવલ પર હોટલ, રેસ્ટોરન્ટ, નાનકડો શોપિંગ એરિયા અને નાનું મંદિર પણ છે. આ લેવલ પરથી ઉપર જવાની કેડી તો ખરી જ પણ બીજી થોડી હાઈકીંગ ટ્રેલ પણ છે. ઉપર જવાની કેડી પર તો બોર્ડ હતું કે આ સીઝનમાં ટોચ પર જવાની મનાઈ છે. અમે એના પર પૉન્ચો પહેરી થોડે સુધી ચાલ્યા. ઓક્ટોબર બેસી ગયો હતો એટલે પર્વતનાં ઝાડપાન




પર મારા મનગમતા હેમંતના રંગ - ફૉલ કલર્સ જોવા મળ્યા એટલે હું આનંદમાં આવી ગયો. ઘણા ફોટા પાડ્યા અને પછી આવીને આઈસ્ક્રીમ ખાધો. એક-બે સુવેનિયર પણ લીધા અને પછી નીચે ઊતર્યા. ત્યારે જ વાદળ હટ્યાં અને ઊગતા સૂર્યના દેશમાં સૂર્યદેવે દર્શન આપ્યા. આને કારણે અમે રસ્તાની કોર પર ઊભા રહી ફ્યુજીસાન પણ નિહાળી શક્યા. એટલે

> ફ્યુજી જાપાનનું રાષ્ટ્રચિહ્ન છે અને મુખ્ય લેન્ડમાર્ક કહી શકાય. શંકુ આકારનો આ આકર્ષક જ્વાળામુખી પર્વત જાપાનમાં સૌથી ઊંચો અને ત્રણ પવિત્ર ગણાતા પર્વતોમાં એક છે

બધાનો ફેરો સફળ થઈ ગયો!

નીચે આવી નજીકના એક ગામમાં 'કોકો કરી' નામના રેસ્ટોરન્ટમાં થોભી સ્વાદિષ્ટ ભોજન લીધું. ફ્યુજીસાનની આસપાસ પાંચ સુંદર તળાવ અને આઓકિગહરા જંગલ છે. સદીઓ પહેલાં ગરીબ લોકો પોતાના ઘરડાં/બીમાર મા-બાપ કે બાળકોને આ જંગલમાં છોડી દેતા. દંતકથા પ્રમાણે એટલે અહીં ભૂત-પ્રેતનો વાસ છે! અમે મુખ્ય લેક કાવાગુચી જવાના હતા પણ અમારા મિત્રને તાવ ચઢવા માંડ્યો એટલે અમે માંડી વાળ્યું. પછી રસ્તામાં એક રેસ્ટ એરિયામાં થોભ્યા ત્યાં ખબર પડી કે એ પાર્કિંગમાંથી બહાર નીકળવાની પોલીસની મનાઈ છે કારણ કે આગળ ટ્રાફિક જામ છે. કદાચ પેલા ભૂત-પ્રેતને મળવા ન ગયા એટલે રિસાયા હશે એમ માની બેઠા! વિશ્વે કહી રાખેલું કે એકાદ વાર એ લોકોએ આવી રીતે આખી રાત પસાર કરવી પડી છે પણ અમે કલાકમાં છૂટ્યા અને ઘર પહોંચ્યા! પણ આખો સમય બાકીના લોકો પણ એટલી જ શાંતિથી બેઠેલા. કોઈ પોલીસ પાસે જઈને પોતાની મહત્તા બતાવવા બૂમાબૂમ નહોતું કરતું!

સ્થાનિક લોકોની જેમ ફરવાનું શક્ય હોય ત્યાં અમને ગમે છે. એક દિવસ સાંજે અમે વિશ્વના મિત્ર સત્યા સાથે ટોક્યોના હાર્દ કે ડાઉનટાઉન કહી શકાય એવા શિંજુકુ વિસ્તારમાં ફરવા નીકળ્યા. ટોક્યોનું એક વોર્ડ કહેવાતું શિંજુકુ એક શહેર જેવું છે અને આર્થિક, સરકારી અને બિઝનેસ હબ તરીકે જાણીતું છે. સ્કાયસ્ક્રેપર - 50 માળથી વધુ ઊંચા બિલ્ડીંગની અહીં નવાઈ નથી. લટાર મારતા અમે એક બિલ્ડીંગ પાસે પહોંચ્યા જ્યાં 3-D સાઈનબોર્ડ હતા. સામેના ચોગાનમાં ઘણા લોકો એ જોવા ઊભા હતા. સાચી જ લાગે એવી એક બિલાડી અંદરબહાર ફરતી હતી અને કોઈક વાર તો બાજુના બિલ્ડીંગ પર જતી રહેતી. બીજા એક ગગનચુંબી મકાન પર લેસર શો દ્વારા કોઈ વાર્તા રજૂ થતી હતી. વિવિધ નજરને લીધે થોડા કલાકો ક્યાં પસાર થઈ ગયા એ પગ સવાલ પૂછવા મંડ્યા ત્યારે જ ખ્યાલ આવ્યો! છેલ્લે અમે શિંજુકુ સ્ટેશનથી પાછા આવ્યા. સત્યાએ તાકીદ કરેલી કે એની સાથે રહેવું કારણ કે શિંજુકુ અને શિબૂયા વોર્ડની વચ્ચે આવેલા આ સ્ટેશનમાં 50 થી વધુ પ્લેટફોર્મ અને 200થી વધુ એક્ઝીટ છે. 2018માં રોજના 36 લાખ લોકોની અવરજવર માટે શિંજુકુએ ગિનેસ બુકમાં સ્થાન મેળવ્યું હતું! એ પછી છેલ્લો દિવસ આવી ગયો અને બની શકે તો ફરી જવું એવા નિર્ધાર સાથે અમે અમારા હોસ્ટ હિમાની અને વિશ્વની રજા લીધી!

# ફેક્ટરીમાં પેદા થતાં બાળકોથી લઈને એક જ તારીખમાં રોજ જીવી રહેલી મહિલાની કહાની...

લાઈફ-ઓન
★ ફાલ્ગુની આશર

નાની બહેનના મૃત્યુથી ઉદ્ભવતું દુઃખ, દક્ષિણ ભારતમાં મુસ્લિમ છોકરીઓના જીવનની કથા, કારખાનાઓમાં બનતા બચ્ચાંઓ, સોશિયલ મીડિયા પર પરફેક્ટ દેખાતા અને ખરેખર ખોખલાં થઈ રહેલાં કપલ્સ, એક જ કોલ પછી ડઝનબંધ લોકોના મૃત્યુ માટે જવાબદાર માનવામાં આવેલી મહિલા કે પછી એક મહિલા જે સાલભર એક જ જેવાં દિવસ જીવી રહી છે! આમાંથી કોની વાર્તા આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર જીતશે? આ વાત છે પુસ્તકોની દુનિયાના સૌથી મોટા પુરસ્કારની. જેને આપણે 'આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર' તરીકે ઓળખીએ છીએ. આ પુરસ્કાર ફક્ત એવા લોકોને આપવામાં આવે છે જેઓ કાલ્પનિક વાર્તાઓ અથવા નવલકથાઓ લખે છે. અલબત્ત, મુખ્ય વાત એ છે કે પુસ્તક અંગ્રેજીમાં ટ્રાન્સલેટ થયું હોવું જોઈએ, પછી ભલે તે મૂળ ભાષામાં લખાયેલું હોય. અનુવાદકો આ કામને સરળ બનાવે છે. એટલા માટે 'ટોમ્બ ઓફ સેન્ડ' સાથે, ડેઝી રોકવેલનું નામ ગીતાંજલિ શ્રીના નામ પછી આવે છે. અનુવાદકો એટલા મહત્ત્વપૂર્ણ છે કારણ કે 50000 પાઉન્ડ એટલે કે આશરે 56 લાખ રૂપિયાની પુરસ્કાર રકમ અનુવાદક અને લેખક વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવે છે.

2025ના આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કારના વિજેતાની જાહેરાત 20 મેના રોજ લંડનમાં કરવામાં આવશે. આ વર્ષ માટે 154 પુસ્તકોમાંથી 6 પુસ્તકો શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. શોર્ટલિસ્ટ એટલે ફાઈનલિસ્ટ, બુકર એવોર્ડ આપવામાં આવશે આમાંથી એક ને જ. અલબત્ત, આ ફાઈનલિસ્ટમાં એક ભારતીય નામ પણ છે. હવે તમને વધુ રસ પડશે. આ છ પુસ્તકોમાં એવું શું છે કે 50 લાખ રૂપિયાથી વધુની ઈનામી રકમ દાવ પર લાગેલી છે. ચાલો, છએ છ પુસ્તક અને તેના લેખક વિશે જાણીએ.

સૌ પ્રથમ, તે છ શોર્ટલિસ્ટ થયેલા પુસ્તકો અને તેમના લેખકોના નામ જાણીએ.

- ઓન ધ કેલ્ક્યુલેશન ઓફ વૉલ્યુમ - સ્મૉલ બોટ -
- અંડર ધ આઈ ઓફ ધ બિગ બર્ડ - - પરફેક્શન -




- હાર્ટ લેમ્પ -
- એ લેપર્ડ - સ્કિન હેટ - હવે ચાલો દરેક પુસ્તકની એક પછી એક ચર્ચા કરીએ-

1.) ઓન ધ કેલ્ક્યુલેશન ઓફ વૉલ્યુમ

લેખક: સોલ્વેજ બેલે

અનુવાદક: બાર્બરા જે. હેવલલેન્ડ

મૂળ ભાષા: ડેનિશ

આ સોલ્વેજ બેલેની સાત ભાગની મોટી વાર્તાનો પહેલો ભાગ છે. તે તારા સેલ્ટર વિશે છે, એક એવી મહિલા જે સમયના ચક્રમાં ફસાઈ ગઈ છે. સમયનું ચક્ર પણ કેવું - તે 18 નવેમ્બર પર ફસાઈ ગઈ છે અને રોજ 18 નવેમ્બરમાં જ જીવે છે. તે દરરોજ સવારે પેરિસની એક હોટલમાં ઉઠે છે અને તેને બધું એવું જ લાગે છે જે પહેલાં હતું! : સવારનો નરમ તડકો, કાળા પક્ષીનું ગીત અને તેના પતિનું આશ્ચર્ય કે તે પાછી આવી ગઈ છે. તારાને તે દિવસ ખૂબ સારી રીતે યાદ છે, પરંતુ તેની આસપાસના લોકો તેને ફક્ત એક દિવસ માને છે અને તે જે કહે છે તેના પર વિશ્વાસ કરતા નથી. જ્યારે તે 365મી વખત તે દિવસને ફરીથી જીવવા જઈ રહી છે, ત્યારે તારા વિચારવા લાગે છે કે આ પુનરાવર્તનમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો હશે. જો તમારે જાણવું હોય કે બહાર નીકળવાનો રસ્તો શું છે, તો તમારે

> 'આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર' માટે નોમિનેટ આ છ બુક વાંચવા જેવી ખરી...

આ કાળા પડદામાંથી બહાર નીકળીને પુસ્તકના કાળા શબ્દોને પકડવા પડશે. સાતમાંથી પાંચ ભાગ ડેનિશમાં પ્રકાશિત થઈ ચૂક્યા છે અને 20થી વધુ ભાષાઓમાં અનુવાદિત થઈ રહ્યા છે.

2.) સ્મૉલ બોટ

લેખક: વિન્સેન્ટ ડેલેક્રોઈક્સ

અનુવાદક: હેલેન સ્ટીવનસન

મૂળ ભાષા: ફ્રેન્ચ

આ વાર્તા નવેમ્બર 2021માં બનેલી એક સાચી દુઃખદ ઘટના પર આધારિત છે. કેટલાક લોકો ફ્રાન્સથી ઈંગ્લેન્ડની નાની રબર બોટમાં મુસાફરી કરી રહ્યા હતા અને તેમની બોટ ડૂબી ગઈ હતી, જેમાં 27 લોકો માર્યા ગયા હતા. આ વાર્તા એ મહિલા વિશે છે જેને આ લોકો મુશ્કેલીમાં છે એવો ફોન આવ્યો હતો. હવે લોકો તે અકસ્માત માટે આ મહિલાને દોષી ઠેરવી રહ્યા છે. ફ્રેન્ચ અધિકારીઓએ ભૂલથી આ માણસોને બ્રિટિશ અધિકારીઓનો સંપર્ક કરવાનું કહ્યું હતું કારણ કે તેમને એવું લાગ્યું હતું કે તેઓ બ્રિટિશ પાણીમાં છે, જેના કારણે બચાવમાં વિલંબ થયો હતો.

અનું પાના 3 પર

# ઠંડાં યુદ્ધમાં જાસૂસોની ઠંડે કલેજે કત્લેઆમ!

સમુદ્ર એક કિનારા અનેક
★ નરેન્દ્ર જોશી

રસ્તે ચાલતો જુવાનજોધ અને સશક્ત માણસ ઓચિંતો સડક પર ફસાઈ પડે અને મૃત્યુ પામે અને મૃત્યુનું કારણ હૃદયરોગનો હુમલો હોવાનું પ્રાથમિક તારણ નીકળે તેવા બનાવ આજકાલ આપણા વિસ્તારમાં વધુ બની રહ્યા છે અને તે ચિંતાજનક છે પણ આજથી 80 વર્ષ પહેલાં પણ આવા બનાવો વધી ગયા હતા અને તેનું કારણ સમજાયું ત્યારે માનવજાત ચોંકી ઊઠી હતી : વૈચારિક એકવાક્યતા સાધવા માટે આવો ઘાતકી વ્યવહાર? આજે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી-C.I.A.ના નામથી અમેરિકામાં ભલભલા લોકો થથરે છે તે એજન્સી અસ્તિત્વમાં આવી તે પહેલા ઓફિસ ઓફ સ્ટ્રેજિક સર્વિસીસ - O.S.S. અસ્તિત્વમાં હતી. 1945નો સમયગાળો. બીજા વિશ્વયુદ્ધ પછીની આભાસી શાંતિ. અમેરિકા અને તે સમયના સોવિયેત સંઘ વચ્ચે વિશ્વ પર વર્ચસ્વ જમાવવાની હોડની શરૂઆત થઈ ચૂકી હતી. બંને મહા સત્તા એકબીજાને વિચારીક સરસાઈ ને કાપવા માંગતી હતી. સોવિયેત સંઘ સામ્યવાદના પ્રસાર-પ્રચાર મારફતે પગદંડો જમાવવા પગલાં લેતો હતો. અમેરિકા સોવિયેત સંઘના વૈચારિક પ્રભાવ સામે ઢાલ બનવા માંગતું હતું અને તેની જાસૂસી સંસ્થા ઓફિસ ઓફ સ્ટ્રેટેજિક સર્વિસીઝે વૈચારિક મતભેદને ડારણ શક્તિથી ખતમ કરવાનો ખોફનાક માર્ગ શોધી કાઢ્યો: ફ્લાઈંગ ડ્રેગન, S.O. 46, ગન ડાર્ટ, ડ્રેગન ગન, વગેરે નામથી પણ જાણીતું આ ઘાતક હથિયાર.

લક્ષ્ય: અમેરિકાનાં શાસનની વિચારધારાનો સહેજ પણ વિરોધ કરનારને કાયમ માટે ખતમ કરી દેવો . ડ્રેગન માંથી તીર જેવી કારતુસ છૂટે તેમાં કાર્બન ડાયોક્સાઇડનું શસ્ત્ર હોય. શિકારની ગરદન પર પાછળથી આ કારતુસ વાગે અને શિકાર ઘટના સ્થળે ઢળી પડે અને મૃત્યુ પામે. નિદાન એક જ આવે: મરનારને ચાલતા ચાલતા હૃદય રોગનો હુમલો થયો.

આ કારતુસ ફૂટે ત્યારે કોઈ અવાજ નહીં. મરનારની ગાર્ડનમાં કારતુસ વાગી થોડી વારમાં જમીન પર પડે કે ન પડે પણ તેનું અસ્તિત્વ પુરવાર ન થાય અને ખેલ ખતમ થાય .ભેદ જાણનાર સમજી જાય કે આ માણસનો સરકાર વિરોધી અને સામ્યવાદ તરફી વિચારસરણીએ ભોગ લીધો. અમેરિકા અને સોવિયેત સંઘમાં પરસ્પર વિરોધી વિચારધારા ધરાવનારને આકરી કિંમત ચૂકવવી પડતી. અમેરિકામાં ઓફિસ ઓફ સ્ટ્રેટેજિક સર્વિસિસના ગુપ્તચરો દ્વારા વપરાતી આ ગન બીજાં વિશ્વયુદ્ધનાં સમાપન પૂર્વે 1943થી 1945ના અરસામાં લોંગ એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ નામની એક છદ્મવેશી શસ્ત્ર ઉત્પાદક પેઢીએ બનાવી હતી જેની તે સમયે એટલે કે 1945ના અરસામાં 253 અમેરિકી ડૉલર (આજે અંદાજે 4000 ડૉલર) કિંમત થાય. અલબત્ત તે સમયે માત્ર 15 નંગ જ આવી ગન બનાવાઈ હતી. 35.5 ઈંચ લંબાઈ ધરાવતી આ ગનની બેરલની લંબાઈ 16.125 ઈંચ હતી ધાતુની ટોપી સાથે પ્લાસ્ટિકની ખાસ કરતું ધરાવનાર ગન માટે 1000 કારતુસ બનાવવામાં આવી હતી અને મિનિટના બે રાઉન્ડના હિસાબે કારતુસ છોડી શકાતી હતી.150 ફૂટની રેન્જ તે ધરાવતી પોતાની ભેદી પ્રવૃત્તિ કરતા જાસૂસોને એવા શસ્ત્રની જરૂર હતી જેના ઉપયોગથી તેઓ થોડે અંતરે દૂર રહીને નિશ્ચિત પણે શિકારને નિષ્ક્રિય કરી શકે તેમાં અવાજ દબાઈ જાય અને પ્રકાશનો ઝબકાર પણ નહીં થાય. 1943માં અમેરિકાના જાસૂસોએ એરગનની ગેમ કાર્બન ડાયોક્સાઇડયુક્ત ઝેરી કારતુસ ફોડી શકે તેવી પિસ્તોલ બનાવી હતી. આ પિસ્તોલનું કરતું ઝેરી રસાયણો ધરાવતું હતું અને લાલ પારદર્શક અને રબરની ટોટી ધરાવતું હતું. આ કારતુસ 5.75 ઈંચ પહોળું હતું અને તે પિસ્તોલ ત્રણ ભાગમાં વિભાજિત કરી શકાતી હતી. હુમલા માટે આ પિસ્તોલ તૈયાર થઈ જાય ત્યારે તેની લંબાઈ 35.5 ઈંચ હતી. આ પિસ્તોલ નાની કરી શકાતી પણ તેની ચોકસાઈ ઘટતી. 1943માં તેની ખાસ માંગ ન હતી પણ 1945ના એપ્રિલમાં જાસૂસોની વિનંતીથી છ પિસ્તોલ બનાવવામાં આવી હતી અને તેમાં કેટલાક સુધારા-વધારા કરવામાં આવ્યા હતા અને જૂન 1945માં પંદર પિસ્તોલ બનાવવામાં આવી હતી. આવાં અન્ય શસ્ત્રો બનાવવાની પ્રવૃત્તિ વધવા માંડી. જો કે બીજાં વિશ્વયુદ્ધના અંત સુધીમાં આવાં શસ્ત્રોનો વધારે ઉપયોગ થયો હોવાના દસ્તાવેજી આધાર મળતા નથી. પછી કાર્બન ડાયોક્સાઇડની કારતુસ સાથે કાતિલ ઝેર ઉમેરવામાં આવ્યું. આ ગન સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સીનું નવું નામ પામેલ અમેરિકાની સત્તાવાર જાસૂસી સંસ્થાના ભાથાંમાં ઉમેરાયું. 1950ની સાલ પૂરી થયા પછી અમેરિકાએ ઠંડાં યુદ્ધમાં ઠંડાં કલેજે ઝંપલાવ્યું અને મોડ -0 તરીકે ઓળખાતી અંડર વોટર ડિફેન્સ ગન આવી અને આ ગન માંથી 4.25 ઈંચની ધાતુની કારતુસ પાણીમાં તરવા પડેલા હરીફને નિશાન બનાવી દેતી અને શિકાર પાણીમાં તરતો બહાર દેખાય ત્યારે ખબર પડતી કે શંકાસ્પદ માણસની પાણીમાં હત્યા કરવામાં આવી છે. આ ગન 1960ના દાયકામાં બનાવવામાં આવી હતી અને તેમાં મોટા ભાગનું કામ નૌકાદળનાં શસ્ત્રના કારખાનામાં થયું હતું. મૂળ તો આ કારતુસ રોકેટના સિદ્ધાંત પર બનાવવામાં આવી હતી પણ તે ખર્ચાળ અને અચોક્કસ આક્રમક હોવાથી અંડર વોટર ડિફેન્સ બનાવવામાં આવી હતી. પરિણામે 1970ના MK 1 અંડર વોટર બનાવી તૈયાર કરાય જે સાંકેતિક ભાષા વાપરીને ઉપયોગમાં લેવાની હતી. આમ છતાં તે અવ્યવહારુ હતી. 1976માં હેકલર એન્ડ કોચ ગન આવી પણ તે જાસૂસોનાં કામ માટે અનેક મર્યાદાઓથી ભરપૂર હતી. આની સામે પાણીમાં વાપરી શકાય તેવી છ રાઉન્ડની અંડર વોટર રિવોલ્વર તૈયાર કરાઈ હતી અને નૌકાદળના જાસૂસો તે વાપરતા હતા. એક તરફ અમેરિકા જાસૂસીના દાવપેચમાં મસ્ત હતું તો બીજી તરફ સોવિયેત સંઘે અંતરિક્ષયાત્રામાં અમેરિકાને પાછળ પાડી દીધું હતું તેથી અમેરિકા બેબાકળું થયું હતું. તેને સોવિયેત સંઘનો પીછો કરવાનું મુશ્કેલ લાગ્યું



પણ કરે પણ શું? સોવિયેત સંઘ સામે વૈચારિક જંગ ખેલતા અમેરિકાને મનમાં એક જ ધૂન હતી: સોવિયેત સંઘનો પ્રભાવ દુનિયામાંથી ઘટાડવો. તેની સામે પ્રચાર યુદ્ધથી માંડીને ગુપ્તચર યુદ્ધ ચાલતું હતું. મોસ્કોથી માંડીને વિશાળ સીમામાં કોઈ પણ દેખીતા કારણસર કોઈનું શબ મળે તો તે જાસૂસ હશે એવી ધારણા બાંધી લેવાય અને કોઈ લેવાદેવા ન હોય તેવી કોઈ વ્યક્તિનું શબ મળે તો સંઘમાં જાસૂસોમાં ફફડાટ ફેલાઈ જાય.

અમેરિકામાં ગમે તે ખૂણે પણ કોઈ અજાણો માણસ બીજી રીતે મરણ પામેલી હદમાં આવે તો દસ્તાવેજ અકસ્માત મૃત્યુના બને તો ઘણી વાર એવું બને કે શકમંદ સોવિયેત જાસૂસ હોય અને તેણે અમેરિકામાં સત્તાધીશોથી બચવા આપઘાત કર્યો હોય.

આવા બંને પક્ષના જાસૂસો અમેરિકા અને સોવિયેત જાસૂસી

> K.G.B.ના હાથે પકડાયેલા અમેરિકાના જાસૂસના શું હાલ થાય છે તે બહારની દુનિયાને ભાગ્યે જ ખબર પડતી

સંસ્થા અનુક્રમે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી અને K.G.B.ના હાથે ઝડપાય તો મોટે ભાગે ઝેરી માદળિયું ખાઈ જાય પણ તેને આવી રીતે આપઘાત કરતો રોકી અમાનુષી ત્રાસ આપી હરીફ જાસૂસી સંસ્થાની ગુપ્ત માહિતી કઢાવવાની કોશિશ કરે. કોઈ જાસૂસ પોતાની સંસ્થા છોડી હરીફ દેશ માટે કામ કરવા તૈયાર થાય તો જે ચકાસણી થાય તે ભલભલા નિષ્ણાતોને છક્કડ ખવડાવે તેવી હોય. ખાસ કરીને રાજ્યાશ્રય માંગતા જાસૂસની જે ચકાસણી થાય તેમાંથી પાર ઉતરવા ને બદલે મોત સારું લાગે પણ જાસૂસીની દુનિયામાં મોત પણ માંગે ત્યારે નથી મળતું અને બંને સંસ્થાઓના જાસૂસી પણ કેવા? શિક્ષક, વિદ્યાર્થી, મજૂર, નેતા કે કોઈ પણ વેશમાં જાસૂસી કરે. ફિલાડેલ્ફિયાની એક શાળામાંથી એક શિક્ષિકાને ચાલુ વર્ગે લઈ જઈ છત પરથી ફેંકી દીધી હતી અને 1968નો આ બનાવ આપઘાતમાં ખપી ગયો હતો. સામ્યવાદી હોવાના શક પરથી એક સ્થળાંતરિત પાદરીનું શબ કબરમાંથી ખોદાવી બહાર કઢાવ્યું હતું અને તેનાં શરીરમાંથી ઝેર સાંખી લેવાની અસાધારણ ક્ષમતા બહાર આવી હતી.

K.G.B.ના હાથે પકડાયેલા અમેરિકાના જાસૂસના શું હાલ થાય છે તે બહારની દુનિયાને ભાગ્યે જ ખબર પડતી. ઠંડા યુદ્ધમાં પોતાનો હાથ ઉપર રહે તે માટે આ બંને મહાસત્તાઓ ઠંડે કલેજે ખૂની ખેલ ખેલતી અને તે વિશ્વના ઈતિહાસમાં અજોડ હતો અને છે.